### આજથી સ્ટુડન્ટ ઈનોવેશન, સ્ટાર્ટ-અપ્સ, ઈકોસિસ્ટમ કોન્ફરન્સ

# 5 વર્ષમાં 500 વિદ્યાર્થી સ્ટાર્ટ અપ્સને સરકાર વિવિધ પ્રોત્સાહન આપશે

**» દેશભરમાંથી તજજ્ઞો, વિદ્યાર્થીઓ, સંશોધકો કોન્ફરન્સમાં ભાગ લેશે**

**નવગુજરાત સમય** > ગાંધીનગર

રાજ્ય સરકારે વિદ્યાર્થીઓના સ્ટાર્ટ અપને મોટાપાયે પ્રોત્સાહન આપવાનો નિર્ણય લીધો છે. આગામી પાંચ વર્ષમાં ૫૦૦ વિદ્યાર્થી સ્ટાર્ટ અપ્સને તૈયાર થવામાં નાણાકીય અને બિન નાણાકીય સહિતની મદદ કરવામાં આવશે. સ્ટાર્ટ અપને નક્કર સ્વરૂપ આપવા તજજ્ઞોની ઉપસ્થિતિમાં ૬ અને ૭ જૂને સ્ટુડન્ટ ઈનોવેશન, સ્ટાર્ટ-અપ્સ અને ઈકોસિસ્ટમ' પર વાર્ષિક કોન્ફરન્સનું આયોજન ગાંધીનગર નજીક ઈડીઆઈ કેમ્પસ ખાતે કર્યું છે.

સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન પોલિસી સેલ અને ગુજરાત નોલેજ સોસાયટીના નેજા હેઠળ ગુજરાત સરકારે પરિષદ વિદ્યાર્થીઓની સ્ટાર્ટ-અપની પહેલને પ્રોત્સાહન આપવા માટે ભારતમાં પ્રથમવાર પરિષદનું આયોજન કર્યું છે. શૈક્ષણિક સંશોધકો, વ્યાવસાયિકો અને અન્ય લોકોને સ્ટાર્ટ અપ અને ઈનોવેશનના વિચારો અંગેના તેમના સંશોધનો રજૂ કરવા માટેનું પ્લેટફોર્મ અપાશે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, શિક્ષણ રાજ્ય મંત્રી વિભાવરી દવે, મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ, શિક્ષણ સચિવ અંજુ શર્મા, ટેકનિકલ કમિશનર અવંતિકા સિંગ વિગેરે ઉપસ્થિત રહેશે. નિષ્ણાત વક્તાઓ તરીકે એક્સિલોર વેન્ચર્સના ચેરમેન ક્રિસ ગોપાલ ક્રિષ્નન તથા ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ કો-ચેરમેન, ઈન્ફોસીસ અને કેરળ સ્ટાર્ટઅપ મિશનના સીઈઓ ડૉ. ગોપીનાથ ઉપસ્થિત રહેશે. નાસ્કોમના ક્રિટિકામુરુગસેન, પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધે પણ ઉપસ્થિત રહી યુવાઓ સમક્ષ તેમના અનુભવો વહેંચશે અને સ્ટાર્ટ અપ સંદર્ભે માર્ગદર્શન આપશે.

પ્રથમ દિવસે કોન્ફરન્સમાં મોબાઈલ-આધારિત એટેન્ડન્સ સિસ્ટમનો પ્રારંભ અને સ્ટાર્ટઅપ પ્રદર્શન, ડેવલપિંગ રોલ મોડલ ફોર ગુજરાત ઈનોવેશન હબ એન્ડ ફન્ડિંગ ફોર સ્ટાર્ટ અપ ઈન ગુજરાત ઉપર રાઉન્ડ ટેબલ ચર્ચા કરાશે.

સમગ્ર દેશમાંથી ૧૫૫ સ્ટાર્ટ-અપ્સ અને ૧૧૮ યુવાન સંશોધકો, શૈક્ષણિક સંસ્થાઓ, વ્યવસાયિકો, રોકાણકારો, યુનિવર્સિટીઓ અને મેન્ટર ઈવેન્ટમાં ભાગ લેશે. શિક્ષણ વિભાગ દ્વારા સ્ટાર્ટ અપ્સ માટે ઈકો સિસ્ટમ બનાવવાના ભાગરૂપે બનાવેલી યોજના હેઠળ યુનિવર્સિટીઓ, ઈન્ક્યુબેશન સેન્ટર અને અન્ય સંસ્થાઓના સંશોધનને પ્રોત્સાહિત કરાશે.